Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાશ;
આત્માને આરામ દે આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૩ જું. વિક્રમ સંવત્ ૧૯૬૨—પોષ. અંક ૬ ઠો.

## પ્રભુસ્તુતિ.

### સ્રગ્ધરા.

નીહાળે એક કાળે[1] જગ[2] કર કમળે[3] લોલ મુક્તા સમાન,[4]
આપે પોતે વળી જે નિજ સુગિર[5] થકી જન્તુને જ્ઞાનદાન;
જેને અર્ચે વિધિશું સુર અસુર તથા માનવી મર્ત્ય લોકે,
શ્રીમાન્ શ્રી વર્દ્ધમાન પ્રમુખ જિનવરો નિત્ય રક્ષા કરો તે. તંત્રી.

## સંતુષ્ટ વૃત્તિ.

संतोष एव पुरुषस्य परं निधानम् ॥
संयोजितकरैः के के प्रार्थ्यन्ते न स्पृहावहैः ॥
अपात्रज्ञानपात्रस्य निःस्पृहस्य तृणं जगत् ।

---

૧ એક કાળે=એક સમયે. ૨ જગ=જગતને, ૩ કરકમળે=કર રૂપી કમળને વિષે–અર્થાત્ હથેળીને વિષે. ૪ લોલ મુક્તાસમાન=અસ્થિર (એટલે કે મુક્તા જે ગોળાકાર છે તેથી) ફર્યા કરતું–હાલ્યા કરતું–એવું જે મુક્તા ફળ તેને નીહાળે તેમ. ૫ સુગિર=ઉત્તમ ગિરા–વાણી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

श्रीमद् यशोविजयजी.

### ગઝલ.

નચાં નિર્દોષ આનન્દે, હૃદય મુજ ઝીલતું છંદે,
મહારાજા તણાં રાજ્યો સમું સુખ કે' તું શાને દે?
ધરા નિજ બાળને અર્પે સરવ સંસારના સુખ જે–
તથા સેંજે વિના યત્ને મલ્યાં સંસારના સુખ જે–

બધાં છોને દીલે લાવો, દીલે ધ્યાવો, તથાપિ ના;
શકે મારાં મને જયા–સુખોર્થ તુલના કો ત્યાં.
અધિકારી જનોનાં વિભવોથી હીન છું તોયે,
કદિ અભ્યર્થના ઈચ્છે ન શાણું ચિત્ત મારૂં એ.

ચહું હું નિસ્પૃહિ વૃત્તિ, મને હમ્મેશ છે તૃપ્તિ;
નથી બીજો કદિ આલમ્બ મ્હારા માનસે ના દંભ.
ત્યજી મર્યાદ ના કોદિ, ઉચિતતાને દૂરે મૂકી;
(છું) જીવન નિર્વાહને અર્થે અપેક્ષિત વસ્તુ નો યોગી.

નહિં ગર્વિષ્ટ શાસનને સહ્યું મેં દીનતા દાખી;
કશું જો ન્યૂન છે મુજને, પૂરે મન તેહ વેગેથી.
અહા! આવા મને પ્રેર્યો સુખે ધૈર્યો વિચારૂં છું
મહારાજા તણાં રાજ્યો સમું સુખ શું ન પામું હું?

બહોળી છે સમૃદ્ધિ તે અતિ ઉદ્વેગકારી જો:
ત્વરાએ જે ચઢે છે તે પડે છે શીઘ્ર, ધારી જો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરાહારે પીડાતા જે દુ:ખી જેવાં, દુ:ખી તેવાં;
અતિ આહાર લેનારાં; સમજ, દ્રષ્ટાન્ત આ લેવાં.

દિપાવ્યાં આસનો ઊંચાં, અખત્યારો હજારો શા;
દબાવ્યા દુષ્ટ હૈયે તોય, નીહાળે નેત્ર મારા ના ?
ઉપાર્જ્યાં દ્રવ્ય આયાસે વળી રક્ષ્યા ભયે આશે;
રહે જન એહ અભ્યાસે: નહિં મુજ દીલ તે ચ્હાશે.

બીજાનાં દુ:ખને દેખી, હસું ના, ના કરૂં શેખી;
બીજાનાં સુખને દેખી, ચહાઉં ના અસૂયાથી.
સમુદ્રે નાવને જળનાં તરંગો તો ઉછાળે છે,
નમાનસ નાવને મારાં, ઉપાધિ કોઈ કાળે છે.

નથી દુશ્મન મારે કો, પછી શી ભીતિ મારે કો;
નથી કો મિત્ર મારે તો, જગું ક્યાં ગીત ત્યારે તો.
ન ગહું જીન્દગાની આ, ભરીને દુ:ખના ભરથી;
ન સ્પહું જીન્દગાની આ, ડરીને મૃત્યુના ડરથી.

સમૃદ્ધિશાલી યાચે જો, અકિંચન હું ન યાચું કો;
છતે દ્રવ્યે દરિદ્રી આ, વિના એ હું ધનેશ અહો.
જુઓ એ દીન, હું અર્થેશ, કો' માગે ભલે, આપું;
નથી ત્યાં કાંઈ, મારે ત્યાં બધું; તે મ્લાનિ હું કાપું.

કશું મારૂં હવે તે રૂહો, નથી શોધે બીજે જાવું;
ચહું સંતોષની ભૂમિ, નથી લોભાદ્રિએ જાવું.
દુ:ખે યે ધૈર્યને ધારી, વૃથા શ્રમ હું ન કરનારો;
ગણું આ શાન્ત માનસનો ખજાનો ક્યાં ન મળનારો. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગિરનારની ગુફા.

## ( એક સ્વપ્ન ).

ઉન્હાળાની એક સ્હવારે, સંસાર રૂપી દાવાનળની જ્વાળાઓમાં બહુ તપી ગએલો, અને તેથી સચ્ચિદાનંદ પૂર્ણ, પવિત્ર, પરમાનંદ સ્વરૂપ, કર્ણેન્દ્રિયને અતિ પ્રિય, સદ્ગુરૂના વચનામૃતનું પાન કરવામાં બહુજ આતુરતાવાળો, પણ કંઈક જ્ઞાનાવરણી કર્મના યોગથી, માત પિતાદિ કુટુંબ પરિવાર સંસાર રૂપી સમુદ્ર તરી જવામાં નૌકાની સમાન અનુકૂળ સાહાયક છે યા પાષાણની પેઠે પ્રતિકૂળ થઇએ પારાવારને વિષે બુડાડનારાછે એ વિષયની નિરન્તર વિચારણામાં ને મનનમાં રહેવાથી ભ્રમિત ચિત્તવાળો એક યુવાન બીજાં સર્વ કાર્યોમાં નિસ્પૃહ અને કેવળ અસ્વસ્થ બની જઈ પોતાના શયનગૃહને વિષે એક આરામચેર પર પડયો હતો. કાળની અતિત્વરિત—પણ નહિં—અતિત્વરિત એકલી નહિં— સતત અવિશ્રાન્ત ગતિને નિરન્તર સૂચવનાર તેના દિવાનખાનાના સુંદર શણગાર રૂપ ઘટિકાયન્ત્ર ( ઘડીયાળ ) માં દશ ટકોરા થયા. પોતે પોતાનાં સર્વ આન્હિક કર્મ સામાયિક, પૂજા, ભોજન આદિથી પરવારી બે ઘડી આડે પડખે થવાને અહીં આવ્યો હતો. આખા ઘરમાં પણ ઘરના સૌ માણસો કામથી પરવારેલાં હોવાથી સઘળું શાંત હતું, અને કશો શબ્દ કાને પડતો નહોતો.

આવે સમયે આપણા યુવકને પ્રથમ તો પોતાની જાતનો વિચાર આવ્યો "હું કોણ? ક્યાંથી આવ્યો? ક્યાં જઇશ? આ સંસાર રૂપ સમુદ્રને તરવા માટે મારે શું કરવું? સદ્ગતિનો ઉપાય શું?" આમ એક તરફ દેહનો તો બીજી તરફ દૈવનો—એવા વિચારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘેનમાં તે પડયો. આંખ મળવાની તૈયારીમાં હતી—પણ કંઇ નિદ્રાવશ થયો ન્હોતો. વળી પણ એના અંતઃકરણમાં અન્ય અન્ય વિચારોર્મિઓ ઉછળવા લાગી કે, સત્ય શું ? નિત્ય શું ? પરમપદ, ચિદાત્મા, પરમાત્મા, તે શું ? તે જાણવા, જોવાનું સાધન શું ? અને સિદ્ધાન્ત શો ? આવા આવા વિચારોથી તેના મનમાં એવો તો ઉદ્વેગ થયો કે તેનું હૃદય બાવરૂં થઇ ગયુ. તે બોલી ઉઠયો " શુ મારા જેવા બીજા પણ મનુષ્યો હશે કે જેઓને કોઇ એવુ ઉત્તમ સાધન પ્રાપ્ત થતુ નહીં હોય કે જેના વડે તે હૃદય અને આત્માને શાંતિ પમાડી શકે ? "

પણ ભટકતા બાવરા મન—ચિત્ત આત્માને શાન્ત કરવાના વિધિનો જિજ્ઞાસુ પરમ રહસ્ય જાણવાને ઈચ્છાતુર, પરમસત્યને શોધવા માટે વ્યવહારિક બુદ્ધિવાળો આપણો યુવક જાણતો નહોતો કે આવા ગૂઢ વિષય ચંચળ બુદ્ધિના માનવીને પણ અગમ્ય છે. એણે હજારો સંકલ્પ વિકલ્પ કર્યાં પણ તેની દષ્ટિ કયાંઈ પહોંચી નહિં. એટલામાં ઘટિકાયંત્રમાં ટણક ટણક બાર ટકોરા થયા, ને તેની સાથે બહુ વિચારરૂપ પર્યટનથી શ્રમિત થયેલ તેનો મન રૂપી તુરંગ જરા વિશ્રાંતિને અર્થે અટકયો, એટલે કયારનો લાગ જોતી, પણ એ ન મળવાથી નિરાશ થઈને ઉભી થઇ રહેલી નિદ્રા દેવીએ પ્રથમ તેના નેત્રદ્રયને, ને પછી એના તન—મનને પોતાના પાશમાં લીધાં ( અર્થાત્ નેત્ર મીચાયાં, તન અચેત થયું ) ને એવી સ્થિતિમાં તેને સ્વપ્ન આવ્યું—સ્વપ્ન સદૃશ ભાસ થયો.

થોડા વખતમાં નિદ્રા પૂરી થઇ એની સાથે એનું સ્વપ્ન પણ પૂર્ણ થયું અને આંખ ઉઘડી ગઇ ને પોતે આળસ મરડીને બેઠો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો; બેઠો થઈને કોઇ અલૌકિક લોકોત્તર સ્થાનમાંથી આ મૃત્યુ-લોકના પ્રદેશમાં ઉતરી પડયો હોય તેમ પોતાની આસપાસ પોતાની સર્વ વસ્તુઓ તરફ કોઈ નવીન દૃષ્ટિથી નીહાળવા લાગ્યો ! જાણે પોતે કંઇ જોયું કે અનુભવ્યું છે તેની આગળ આ સર્વ વસ્તુઓ તુચ્છ છે, આ સર્વ મિથ્યા છે એમ તેને ભાસ થયો. તે મનમાં બોલ્યો "અહા ! માત્ર એક અલ્પ સમયની નિદ્રામાં, એક ઘડી માત્રમાં મને કેટલું બધું અને કેવું પરમ જ્ઞાન મળ્યું જે ગુરૂરાજના મને દર્શન થયા તેનું શું સુંદર સ્વરૂપ ? શી વિવેકી વાણી ! શો ઉદારતા ભર્યો ઉપદેશ ? શી મારા જેવા અજ્ઞ અન્તેવાસી તરફ એમની સ્નેહ ભરી લાગણી ? એમનો જ્ઞાનોપદેશ મળવાથી મારૂં મન સૂર્ય દર્શનથી વિકાસિત થયેલા કમળની પેઠે પ્રફુલ્લિત થવા અને ઊંચે ચઢવા માંડયું છે. અહો ! મને ઉપરા ઉપરી અનેક સુવિચારો આવવા માંડે છે ! અને નૂતન જ્ઞાન આપોઆપ સ્ફુરાયમાન થઇ આવે છે. પણ ગમે તેવો હું નવો અને થતો જ્ઞાની છું—માટે એ મ્હારા ઉત્તમ પૂજ્યપાદ ગુરૂજીના બોધ વચનો, અને એ કયે અને કેવે સ્થળે અને કયે સમયે મારા જેવા અલ્પજ્ઞ પ્રાણીને પ્રાપ્ત થયા, વળી ત્યાં મેં શું શું જોયું—શું શું અનુભવ્યું ? એ બધું જો હું હમણાં તાજે તાજું ઉતારી લઈશ તો સ્મરણ શકિત સહાય કરશે ને પશ્ચાત્ ગમે તે સમયે તે બહુજ—ઉપયોગી થઈ પડયા વિના રહેશે નહિં."

એમ વિચારી કબાટ ઉઘાડી એક કોરા કાગળની ચોપડી કાઢી તેમાં લખવા માંડયું. ( જાણે નોંધ લે છે તે પોતાના એક મિત્રને પત્રદ્વારા જણાવતો હોયની એમ શૈલિ રાખી ):

× × × × × નું એકાન્ત ભુવન.
તા. ૧ લી. માહે એપ્રીલ સને ૧૯૦ .

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" આજે નિત્યકર્મથી પરવારી જમી કરી બે ઘડી વિશ્રામ લેવા દીવાનખાનામાં આવીને બેઠો– ત્યાં મને મારા હમ્મેશના સોબતી એના એ વિચારો–એ આવીને મને ઘેર્યો ( સોબતી કહીને દુશ્મનો રૂપ ગણું છું. કારણ કે ઘેરે કોણ ? દુશ્મનોજ. સોબતી છતાં સમાધાની કરતા નથી માટે દુશ્મનોજ ગણું છું, સમાધાની કરશે ત્યારે તો સોબતીજ નહીં પણ મિત્ર–પરમમિત્ર એવા ઉપનામથી બોલાવીશ–આમંન્ત્રણ કરીશ. ) વિચારમાં ઘેરાતાં ઘેન ચઢ્યું; ઘેન ચઢતાં અર્ધ જાગ્રત અર્ધ સ્વપ્ન–અવસ્થાના પાશમાં આવ્યો; પણ પાશમાંતો એ બે સહીઅરોનું દ્વંદ્વયુદ્ધ થતાં જોયું–તેમાં પ્રથમાનો પરાભવ થયો, ને દ્વિતીયાનો વિજય ડંકો વાગ્યો–એણે મને પોતાના એકલીના સ્વાધીનમાં લીધો.

" તત્ક્ષણે જાણે " કાલિદાસની " શકુન્તલાનો દુષ્યન્ત સ્વીકાર કરવાની ના કહે છે તે સમયે જેવો તેજોરાશિ અચાનક ત્યાં આવી ને તેને ( શકુન્તલાને ) ઉપાડી જાય છે––તેવોજ અત્યંત તેજસ્વી તેજપુંજ જાણે મારા વાસગૃહમાં પ્રવેશ કરીને, પોતાની અદ્ભુત કાન્તિ અને સ્વરૂપ વડે મને આંજી દઈને તથા મને પોતાના અંતેવાસી શિષ્ય તરીકે સંબોધિને કંઇ કહેવા લાગ્યો."

"હું તો આવા વિચિત્ર કાંતિ સ્વરૂપથી અંજાઇ ગયા જેવો થઇ ગયો હતો છતાં પણ નેત્ર ઉઘાડા રાખી, એ તેજોમય મૂર્તિ તરફ જોયું. તો મને સ્વાભાવિક રીતે એમના પ્રત્યે ગુરૂભાવ ઉત્પન્ન થયો. તેથી " અહો ગુરૂરાજ, આપ કોણ ? અને– " આટલું અર્ધ વાક્ય અને એ એ અર્ધસ્ફુટ–અર્ધ અવ્યક્ત પણે બોલ્યો ત્યાં તો એમણેજ મારા નજીક આવીને મને કહ્યું "**ધર્મલાભઃ** હે શિષ્ય, તને ધર્મનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાભ થાઓ; એ તારી સર્વ શંકાઓનું સમાધાન કરશે; તું કશી પણ ચિંતા કરીશ નહિં."

આ ગુરૂજનના વચનો હું હજુ તો સાંભળું છું એટલામાં તો જાણે એની એજ દીવ્ય શક્તિએ મને ઉચકી લીધો. મારી સ્થિતિ અવ્યવસ્થિત થઇ ગઇ, અને વાચા પણ બંધ થઇ ગઈ. આંખ્યોએ અંધારા આવવાથી એ પણ મેં ન ચાલ્યે બંધ કરી દીધી. એટલામાં તો મને મારાજ આવાસના નગરની પશ્ચિમ દિશાએ આવેલા પૃથ્વીનાં કોઇ ઉચ્ચ પ્રદેશમાં મૂકવામાં આવ્યો. પૃથ્વીનો સ્પર્શ થવાથી નેત્રો ઉઘાડી મેં જોયું તો સુંદર ગિરનાર પર્વત, ગીચ ઝાડીવાળો વિશાળ વનપ્રદેશ અને મનહર, લીલાછમ જેવાં સુગન્ધ પ્રસારી રહેલાં વૃક્ષોની ઘટાઓને ઘટાઓ મારી દૃષ્ટિએ પડી. જો કે મારી સ્થિતિ છેક પ્રકારાન્તરને પામી હતી—તોપણ મને કંઇ બહુ લાગી આવ્યું નહીં. મારાં આશ્ચર્યનો તો પારજ નહોતો પરંતુ સદ્‌ગુરૂએ મને સંબોધીને જે વચનો કહ્યા હતાં તેનાજ વિચારમાં રહીને હું આશા નિરાશા રૂપ ડુંગરો અને ખાઇની વચ્ચે જાણે અદ્ધર લટકતો રહ્યો."

"મને જે સ્થળે મુકવામાં આવ્યો હતો તે એક ઘટાગ્રય મ્હોરથી ભરપૂર આમ્રવૃક્ષની છાયાવાળુ મન ગમતું સ્થાન હતું. આ સ્થળ જોઇ—નીહાળી બાવીશમા શ્રી નેમિનાથજી ભગવાનનું આજ સ્થળ મોક્ષ સ્થાન છે એ સ્મરણમાં આવતાં તો અતિ આહ્‌લાદ થયો. શું દીવ્યસ્થળ! શી દીવ્ય વનલીલા! અહો મારા ધન્ય ભાગ્યકે તીર્થંકરની મોક્ષ ભૂમિનો મને આજે સ્પર્શ થયો; સ્પર્શજ નહિં—પણ દર્શન થયા. ક્યાં મારૂ નગર, ને ક્યાં આ ગિરિરાજનો, મઘમઘી, રહેલા કુસુમોનો વર્ષાદ વરસાવતા, શીતલ છાંયાવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃક્ષોનો પ્રદેશ. તીર્થંકરની જન્મ ભૂમિ —ને તીર્થંકરની મોક્ષભૂમિ ખરેખર અવર્ણનીય હોય છે. એની હું પામર પ્રાણી કેટલી પ્રશંસા કરૂં ! એનું હું શું વર્ણન કરૂં ? આજ સ્થળે જાણે નેમનાથ ભગવાને મુક્તિવધૂને વરમાળ આરોપણ કર્યા પહેલાં ભવ્ય પ્રાણીઓને પોતાની ભવભયભંજની, સંસાર તરણ તારણી, સરલ અને ઉદાર દેશના આપી હશે ! આજ સ્થાને જાણે દેવ મનુષ્ય અને તિર્યંચોએ પણ પોત પોતાનો સ્વાભાવિક વૈરભાવ ત્યજીને એ અનુપમ—અવર્ણ્ય પ્રતિબોધને પોત પોતાની ભાષામાં શ્રવણ કર્યા હશે! આપણા ક્યાંથી એવા મહદ્ભાગ્ય હોય કે સાક્ષાત્ તીર્થંકરની મેઘ ગંભીર ઘોષવાળી અદ્ભૂત દેશનાની વાણી આપણે શ્રવણ ગોચર કરીએ ! અહો ! એ કાળજ ગયો ! અહો ! આ ભૂમિના મનુષ્ય વસનારા તો ભાગ્યશાળી એમાં તો આશ્ચર્ય નહિંજ, કારણ કે એમને આવી ઉત્તમ તીર્થભૂમિની નિરંતર ફરસના થાય છે ! પણ આ પ્રદેશના પશુ—પક્ષીઓ અને વૃક્ષો સુદ્ધાંને ધન્ય ભાગ્ય ગણવા. નહિં તો તીર્થંકરો જેવા ઉત્તમ પુરૂષોનો એમની સાથે સહવાસ ક્યાંથી હોય ? ”

સત્સંગતિ ! સત્સંગતિ ! અહો ! સત્સંગતિ ક્યાંથી !

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यम्
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिम्
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥

“ આમ વિચાર કરતો કરતો હું આમતેમ બહુજ ફર્યો. એટલામાં એક બાજુએ મને કંઇક માર્ગ જેવું દેખાયું. તેને આધારે આધારે “ જ્યાં જવાય ત્યાં ખરૂં એમ નિશ્ચય કરી હું એ માર્ગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્યાલ્યો. ત્યાં જોઉં છું તો તળાવ-સરોવર નિર્મળ જળના ઝરણાં કિનારે ઉગેલાં લીલાં છમ વૃક્ષો-વેલાઓ, હંસાદિક સુંદર કલ્લોલ કરતાં પક્ષીઓ અને રંગ બેરંગી ભત ભાતનાં સુગંધી પુષ્પો શિવાય બીજું કાંઈપણ મારી દષ્ટિએ પડતુંજ નહીં. પણ તેજ બહુ હતું. મારી શ્રમિત થયેલી દ્રષ્ટિને શ્રમિત થયેલા મનને-શ્રમિત થયેલા તનને એ સર્વથી અધિક અધિક આનંદ પ્રાપ્ત થયો. શ્રમતો ક્યાંએ અંતર્ધાન થઇ ગયો, કે પુનઃ તેના દર્શનજ થયાં નહીં. આ વખતે સૂર્ય મસ્તકપરથી ખસીને નમવા આવ્યો હતો. તેથી હવે એક દિશા ચોકસ કરી મેં આગલ ચાલવું શરૂં રાખ્યું એમ કરતાં કરતાં હું એક ગુફાના દ્વાર આગળ આવી પહોંચ્યો. આસપાસ મનુષ્યના પગલાં આછાં પાતળાં દૃષ્ટિએ પડતાં હતાં તેથી અંદર કોઈપણ મનુષ્ય પ્રાણીનો વાસ હશે એમ ધારી મેં પ્રવેશ કર્યો. ભય તો લાગ્યો પરંતુ જે થવાનું હોય તે થાય એમજ નિશ્ચય કરીને અંદર ચાલવું જારી રાખ્યું. ઘણો દૂર ચાલ્યા પછી એક ચોગાન આવ્યું. ત્યાં એક ઘાટી છાંયાવાળા અશોકવૃક્ષની નીચે એક મહા તેજસ્વી મુનિરાજના મને દર્શન થયા.

આ ભવ્ય અને દીવ્ય મુનિરાજ એક કંબળ ઉપર આસન કરીને વિરાજેલા હતા. યોગ્ય વસ્ત્રાદિ પેહેરેલાં હતાં એમની પાસે એક બાજુએ રજો હરણ આદિ સાધુના ચિન્હો પડેલાં હતાં અને બીજી બાજુંએ એક મહાન્ દેખાતા ગ્રંથનાં પાનાં પડયાં હતાં. તેમાંથી એકેક લઇને કશીપણ હીલચાલ કે આંખની પાપણ પણ ઉંચી કરયાં વિના વાંચતા અને તે પર મનન કરતા હોય એમ મને જણાયું. મન વચન કાયા એ ત્રણ ગુપ્તિ, તથા ઇર્યા, ભાષા, એષણા, આદાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિક્ષેપ અને પરિસ્થાપના એ પાંચ સમિતિ વગેરે છત્રીશ ગુણો સાધુના કહ્યાં છે એ વાત હું થોડી થોડી જાણતો હતો. તે ચતુર્વિધ કષાયથી મુક્ત હોવા જોઇએ, પાંચેઇંદ્રિઓને દમન કરનારા હોવા જોઇએ, અને વળી નવ વિધ બ્રહ્મચર્યના પાળનારા હોવા જોઇએ. આ મુનિરાજમાં આ સર્વ ગુણો હશે કે નહિં ? તે પુરવાર કરવા માટે ન્યાયાસન આગળ જવાની જરૂર પડી નહિં, એ શંકાનેજ મારા હૃદયે વાસ સ્થાન આપ્યું નહિ. બસ, પ્રથમ દર્શનેજ, વગર સાક્ષીએ મારા અંતઃકરણ રૂપી ન્યાયાધીશે ફેંસલો આપી દીધો કે મુનિરાજ એ સાધુના સર્વ ગુણોએ કરીને યુકત છે; એટલુંજ નહિ—પણ એઓ એક મહા ધુરંધર આચાર્ય છે. હું જેમ જેમ એમના તરફ વધારે વધારે જોતો ગયો તેમ તેમ મને એમના તરફ વિશેષ વિશેષ પૂજ્ય ભાવ ઉત્પન્ન થતો ગયો. પછી તો હું એમની પાસે જઇને ઉભો અને હસ્ત જોડી ત્રણ ખમાસમણા દઇ વિધિપૂર્વક એમને વંદન કરી મેં સુખશાતાની પૃચ્છા કરી, કે તુરત એમણે ઉંચું જોયું ને મુખેથી **धर्मलाभः** એવો ઉચ્ચાર કર્યો.

હવે તો મને વિશેષ આહ્લાદ થયો. હું તો મારા મનમાં ને મનમાં એમના ગુણાનુવાદ કરવા લાગ્યો; અને એમની સ્તુતિ કરવી એવી ધારણાથી કાંઈક બોલવાનો વિચાર કરવા લાગ્યો, એટલામાંતો એ મુનિનાજ મુખ કમલમાંથી મેઘ સમાન ગંભીર અને મધુર વચનોની વૃષ્ટિ થઇ— ( અપૂર્ણ )

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સોળ સંસ્કાર

અને

# તે સંબંધી અર્વાચીન વિચાર.

સંસ્કાર એ શબ્દના અર્થમાં કેવું મહત્વ રહેલું છે, તેને માટે પ્રથમ વિચાર કરતાં જણાશે કે, પ્રત્યેક આર્ય પ્રજાને તે અવશ્ય કરવાની જરૂર છે. અન્યધર્મમાં પણ તે સંસ્કારોનો સ્વીકાર મોટા માન સાથે કરવામાં આવે છે. જે પ્રવૃત્તિ અદ્યાપિ ઘણે સ્થળે શિષ્ટાચાર તરીકે ચાલે છે તે પ્રવૃત્તિ આજસુધી કાલના પ્રભાવને લઈને જૈનવર્ગમાં લુપ્તપ્રાય થઇ ગઇ છે. સંસ્કારનો અર્થ શુદ્ધિ થાય છે, તે દ્રવ્ય શુદ્ધિ નથી પણ ભાવશુદ્ધિ છે. આર્યવેદ ( જૈનવેદ ) ના પ્રભાવિક મંત્રોના બલથી થયેલ સંસ્કાર–શુદ્ધિ જન્મ ધારણ કરનાર મનુષ્ય ઉપર સારી અસર કરે છે; એટલુંજ નહિ પણ સંસ્કાર પામેલ જૈન પુરૂષ શ્રાવકના એકવીશ ગુણનો અધિકારી થઈ શકે છે. જ્યારે તેવો સંપૂર્ણ ગુણવાન શ્રાવક થાય એટલે તે ધર્માધિકારી થઈ ગુણસ્થાનના સમારોહણ ક્રમથી મોક્ષાધિકારી થઈ શકે છે.

આ સંસ્કારના આચારનો ક્રમ અન્યમતિઓમાં જુદી રીતે છે અને તેમના વિધિની ક્રિયામાં મિથ્યાત્વની છાયા સારી રીતે દેખાઇ આવે છે, તેથી તે શ્રાવકોને ત્યાજ્ય છે. અને જૈનમત પ્રમાણે જે સંસ્કારની રચના કરવામાં આવી છે, તે તદન શુદ્ધ, નિર્દોષ અને શ્રાવકોને આચરવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીવર્દ્ધમાનસૂરિએ પોતાના **આચાર દિનકર** ગ્રંથમાં એ સંસ્કારોનું બ્યાન સારી રીતે આપેલું છે, એજ તેનું પ્રમાણ છે, એમ નથી પણ તેની પહેલાં પણ સૂત્રગ્રંથોમાં ઘણે સ્થલે તે વિષેના લેખ જોવામાં આવે છે—જેમકે,

**" त एणं समणस्स भगवओ महावीरस्स अम्मापिउणोप-ढमे दिवसे ठिइवडियं करंति तइयदिवसे चंदसूरदंसणं कुणंति छठे दिवसे धम्मजागरियं जागरंति संपत्ते बारसाह दिवसे विरए इत्यादि । "**

આ સૂત્ર ઉપરથી પણ શ્રીમહાવીર પ્રભુના જન્મ વખતે સંસ્કાર કરેલા જોવામાં આવે છે તે સોળ સસ્કારના નામ નીચે પ્રમાણે છે—

**૧ ગર્ભાધાન, ૨ પુંસવન, ૩ જન્મ, ૪ ચંદ્રસૂર્યદર્શન ૫ ક્ષીરાશન, ૬ ષષ્ટી, ૭ શુચિકર્મ, ૮ નામકરણ, ૯ અન્ન-પ્રાશન, ૧૦ કર્ણવેધ, ૧૧ મુંડન, ૧૨ ઊપનયન, ૧૩ પાઠા-રંભ, ૧૪ વિવાહ, ૧૫ વ્રતારોપ, ૧૬ અંતકર્મ.**

ઊપરના સોળ સંસ્કારોમાં પંનરમાં વ્રતારોપ સંસ્કાર શિવાય બીજા સંસ્કારો ગૃહસ્થ ગુરૂ કરી શકે છે અને વ્રતારોપ સંસ્કાર તો માત્ર સાધુજ કરી શકે છે.

## ૧ ગર્ભાધાન સંસ્કાર.

આ સંસ્કાર જ્યારે શ્રાવિકા ગર્ભ ધારણ કરે ત્યારે કરવામાં આવે છે. પૂર્વ કર્મના યોગથી ગર્ભમાં આવેલો પ્રાણી જૈન આર્ય-વેદના મંત્રના પ્રભાવથી સુરક્ષિત થઈ ભવિષ્યમાં ઉત્તમ પ્રકારની શ્રાવકતા ધારણ કરે, તેવો તેનો હેતુ છે. વલી ગર્ભાવાસમાં અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારની મલિનતા અને ગર્ભવિનાશના કુયોગ દૂર કરવા માટે અધિષ્ઠાયક દેવતાની પ્રાર્થના કરવામાં આવે છે. આ સંસ્કારની ક્રિયા શુભ દિવસે થાય છે અને તે પ્રસંગે શાંત, જિતેંદ્રિય, મૌનધારી સમ્યક્ત્વની વાસનાવાલો, અર્હંત તથા મુનિની આજ્ઞા પામેલો અને નઠારા દાન નહીં લેનારો ગૃહસ્થ ગુરૂને હાથે તે ક્રિયાનો આરંભ કરવામાં આવે છે.

જે દિવસે ગર્ભાધાનની ક્રિયા કરવાની હોય તે દિવસે ગૃહસ્થ ગુરૂ આવી પ્રથમ ગર્ભવતી શ્રાવિકાના પતિની રજા લઇ તે સંસ્કારની ક્રિયાનો આરંભ કરે છે. ગર્ભવતીના પતિને નખથી શિખાસુધી સ્નાન કરી, પવિત્ર વસ્ત્ર ધારણ કરવા પડે છે અને પોતે જે વર્ણનો હોય તે વર્ણને અનુસરી ઉપવીત, ( જનોઈ ) તથા ઉત્તરીયનું ઉત્તરાસંગ કરી તૈયાર થાય છે. પ્રથમ વૃહત્સ્નાત્રની વિધિવડે અર્હંતની પ્રતિમાને સ્નાત્ર કરાવી અને તે સ્નાત્રનું જલ એક ઉત્તમ પાત્રમાં રાખી તે પછી શાસ્ત્રોક્ત વિધિવડે ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, ગીત અને વાજિત્રોથી જિનપ્રતિમાની તે પૂજા કરે છે. પૂજા થઇ રહ્યા પછી સૌભાગ્યવતીઓને હાથે પ્રથમ પાત્રમાં રાખેલા સ્નાત્ર જલ વડે તે ગર્ભવતી શ્રાવિકાની ઉપર સિંચન રૂપ અભિષેક કરવામાં આવે છે, તે પછી સર્વ જલાશયનું જલ એક પાત્રમાં એકઠું કરી અને તેમાં સહસ્ર મૂલ ચૂર્ણ નાખી તેને શાંતિદેવીના મંત્રોથી સાત વખત મંત્રિત કરવામાં આવે છે તે પછી એ પવિત્ર થયેલા જલ વડે પુત્રવાલી સધવા સ્ત્રીઓને હાથે તે ગર્ભવતીને સ્નાન કરાવવામાં આવે છે. આ વખતે સ્ત્રીઓ મધુરસ્વરથી મંગલ ગીત ગાય છે અને વાદિત્રોના નાદ થયા કરે છે. તે પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગર્ભવતીને સુગંધી ચંદનનો લેપ, સુંદર વસ્ત્ર તથા અલંકારથી અલંકૃત કરી પતિના વસ્ત્રના છેડા સાથે તેણીના વસ્ત્રનું ગ્રંથિ બંધન થાય છે. ( છેડાછેડી બંધાય છે ) અને ગર્ભવતીને પતિની ડાબી તરફ સ્વસ્તિકવાલા શુભ આસન ઉપર બેસારવામાં આવે છે.

આસન ઉપર બંને દંપતી બેઠા પછી ગૃહસ્થ ગુરૂ શક્તિ અનુસાર મણિ, સુવર્ણ, રૂપું અને તાંબાના પાત્રમાં પેલા જિનસ્નાત્ર જલ સહિત તીર્થ જલવડે દર્ભના અગ્રભાગથી ગર્ભવતી ઉપર અભિષેક કરે છે. આ વખતે ગુરૂ આર્ય વેદમંત્રોને ઊંચે સ્વરે ભણે છે. તે મંત્રથી સાતવાર ગર્ભવતીના શરીરપર અભિષેક કરી તે દંપતીને આસન ઉપરથી ઉઠાડી જિન પ્રતિમાની પાસે લઈ જાય છે અને ત્યાં 'શક્રસ્તવ ( नमुत्थुणं ) પાઠ કરાવી જિન વંદન કરાવે છે. તે પછી ગર્ભવતી પોતાની શક્તિ પ્રમાણે વસ્ત્રાભરણ, દ્રવ્ય, સુવર્ણ વિગેરેના દાન આપે છે અને ગુરૂ સંતુષ્ટ થઇ તેને આશીર્વાદ આપે છે. ને પછી આસન ઉપરથી ઉઠાડી તેમના વસ્ત્રની ગ્રંથિનો બંધ છોડવામાં આવે છે. ત્યાર બાદ દંપતી ધર્મગૃહમાં જઇ ઉત્તમ સાધુને વંદના કરે અને તેમને પ્રાસુક ભોજન તથા વસ્ત્રપાત્રાદિના દાન આપે છે. આ પ્રમાણે ગર્ભાધાન સંસ્કારનો વિધિ સંપૂર્ણ થાય છે.

આ પ્રથમ સંસ્કાર ગર્ભમાં આવેલા પ્રાણીને કેટલી અસર કરે છે, તે આપણે સૂક્ષ્મ દ્રષ્ટિથી જોવાનું છે. શાંતિદેવીના મંત્રનું રહસ્ય ખરેખરૂં મનન કરવા યોગ્ય છે. તે મંત્રમાં અધિષ્ટાયક વિજયાદિ દેવીની પ્રાર્થના કરવામાં આવી છે. જે દેવી શ્રી અજિતનાથ ભગવંતના શાસનની અધિષ્ટાયક છે. તેમાં જલ, વાયુ, વિષ, સર્પ, દુષ્ટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રહ, રાજભય, રોગભય, રણભય, રાક્ષસ, શત્રુગણ, મારી, ચોર, ઈતિ અને શીકારી પ્રાણીઓથી ગર્ભવતીના ગર્ભની રક્ષા કરવા માટે એ મહા દેવીને વિનંતિ કરવામાં આવી છે.

બંને દંપતીના વસ્ત્રગ્રંથિના બંધનનો મંત્ર એ સંસ્કારની અતિ ગંભીરતા દર્શાવે છે. જેમાં સ્ત્રી પુરૂષના સંસારના સંબંધનો બંધ સૂચવી તે બંને દંપતીને આશીષ આપવામાં આવે છે. ગર્ભવતીને અભિષેક કરતાં ગૃહસ્થ ગુરૂ જે મંત્ર બોલે છે, તેમાં ગર્ભગત જીવને બોધના સંસ્કાર થવા માટે જૈનોના જીવત-ત્વનો બોધ દર્શાવવામાં આવ્યો છે. તે સાથે તે ગર્ભજંતુને જણાવે છે કે, અરે પ્રાણી, જન્મ જરા અને મરણવાલા આ સંસાર વાસમાં ફરીવાર તું ગર્ભમાં આવે નહિં તેવો ઉપાય કર્યે, આ કેવો ઉત્તમ બોધ ? કેવી સંસ્કારની મહત્તા ! આ સંસ્કારથી સંસ્કૃત થયેલો શ્રાવક પુત્ર ભવિષ્યમાં કેવો ઉત્તમ થાય ! તેની ભવ્ય ભાવના કેવી જાગ્રત થાય ? એ વિષે વિચાર કરવો જોઇએ. આવો ઉત્તમ હેતુવાલો સંસ્કાર જૈન પ્રજાને મલતો નથી, એ કેવા અપશોષની વાત ? શ્રાવિકાઓના ગર્ભો સંસ્કાર વિનાના રહેવાથી ભવિષ્યમાં તેઓ ધાર્મિક ઉન્નતિ કરી શકતા નથી.

જૈન બંધુઓ જાગ્રત થાઓ, તમારા પવિત્ર સંસ્કારને પાછા સંપાદન કરો. તમારાત્રિષષ્ટિ શલાકા પુરૂષોને સ્મરણ કરો. તેઓ ઉત્તમ સંસ્કારના બલથીજ ભારતના પૂજનીય અને માન્ય થયા હતા.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી કચ્છ મહોદય.

અથવા.

## મુનિવિહારથી થતા લાભ.

ભારત ભૂમિમાં પ્રખ્યાતિ પામેલા અને જૈન ગ્રંથોની આધુનિક સંપત્તિને વધારનારા સ્વર્ગસ્થ આચાર્ય શ્રી વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) ના પ્રશિષ્ય મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા તેમના પ્રતિષ્ઠિત શિષ્ય પન્યાસ શ્રી સંપત્‌વિજયજી મહારાજના ચાતુર્માસ્યથી કચ્છ ભૂમિમાં આર્હત ધર્મની અભિવૃદ્ધિ સારી થવાના શુભ સમાચાર ઉત્તરોત્તર મલતા જાય છે. તે સાંભલી સર્વ શ્રાવકવૃંદને અતિ આનંદ પ્રાપ્ત થયા વિના રહેશે નહિં. તે મહામુનિઓના ઉપદેશથી કચ્છ દેશની જૈન પ્રજામાં સારી અસર થયેલી છે. કચ્છ દેશમાં પ્રથમથીજ મુનિવિહાર ન હોવાથી તેઓ દેવ, ગુરૂ અને ધર્મતત્વના રહસ્યના તદ્દન જાણીતા ન હતા, તેઓ અત્યારે જાણીતા થયેલા છે. કચ્છ દેશની જૈન પ્રજા બાલકથી તે વૃદ્ધ સુધી ધર્મનીચર્ચા કરવાના પાઠ શીખતી થઇ છે. દરેક જૈનપુરૂષો અને સ્ત્રીઓ આર્હત ધર્મનું યશોગાન કર્યા કરે છે. પ્રત્યેક સ્ત્રી કે પુરૂષના મુખમાંથી હંસવાણીની પ્રશંસાના ઉદ્‌ગારો ઉદ્‌ભવે છે. કચ્છ દેશરૂપ માન સરોવરમાં મુનિરૂપરાજહંસે જે ઉપદેશ રૂપ મંજુ સ્વર ઉચ્ચાર્યા છે, તેના પ્રતિધ્વનિથી અદ્યાપિ કચ્છ ભૂમિ ગાજે છે. માત્ર દ્રવ્ય ઉપાર્જન કરવાનુંજ જ્ઞાન ધરાવતી અને તેને માટેજ વિદેશમાં વિચરનારી અજ્ઞાન કચ્છી જૈનપ્રજા અત્યારે ધર્મના કાર્ય કરવાને, ધાર્મિક ઉત્સવો આદરવાને અને ધાર્મિક સંપત્તિ સંપાદન કરવાને ઉત્સુક થઈ છે, તે પ્રભાવ મુનિહંસના ઉપદેશનોજ છે અને પ્રભાવિક પન્યાસના પ્રસંગનોજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાતુર્માસ્યની સમાપ્તિ થયા પછી એ મહાનુભાવ મહામુનિ એ કચ્છ દેશની રાજધાનીમાંથી જ્યારે વિહાર કર્યો, ત્યારે કચ્છી પ્રજાએ જે ભક્તિભાવ દર્શાવ્યો છે, તે અવર્ણનીય હતો. માનસ-રોવરના સહવાસીઓ મંજુભાષી એવા રાજહંસનો વિયોગ કેમ સહન કરી શકે ? કચ્છી પ્રજા તે મહાત્માની પાછલ અશ્રુને વર્ષા-વતી ચાલી નીકલી હતી. વૃદ્ધ, તરૂણ અને બાલ સ્ત્રી પુરૂષોના વૃંદ તે મહામુનિના ઉપકારને સંભારી નયનને આર્દ્ર કરતાં અનુગમન કરતા હતા. જે દેખાવ ગુરૂભકિતની પરાકાષ્ટા સૂચવનારો હતો.

મહામુનિ શ્રી હંસવિજય મહારાજે પોતાના ચાતુર્માસ્ય પછીના વિહારમાં પણ અનેક ધાર્મિક કાર્યનો પ્રાદુર્ભાવ કરેલો છે. કચ્છ દેશની રાજધાનીમાં તો તે મહાશયે ઘણી ધર્મવૃદ્ધિ કરેલી છે. ચાતુર્માસ્યની સમાપ્તિ વખતે તેઓના હાથે તે નગરીમાં જૈન શાળા અને જૈન કન્યાશાલાની સ્થાપના મોટા ઠાઠમાઠથી કરવામાં આવી હતી. તે પ્રસંગે જ્ઞાન દ્રવ્યની સારી વૃદ્ધિ થયેલી હતી. કચ્છી જૈન પ્રજા સાંસારિક અને ધાર્મિક ઉન્નતિ સંપાદન કરી શકે તેવા ધોરણો તે બંને શાલાઓમાં રાખવામાં આવ્યાછે. કચ્છની જૈન કન્યાઓ અને શ્રાવિકાઓને જ્ઞાન આપવા માટે સારા શિક્ષકોની યોજના કરવામાં આવી છે. તે પાઠશાળાના નિર્વાહને માટે સુમારે બાર હજાર રૂપીઆનું એક મોટું ફંડ કરવામાં આવ્યું છે. એ શાલાઓની સ્થાપના કરી જ્ઞાનક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય કરાવી એ મહામુનિએ પોતાની ધર્મકીર્ત્તિને કચ્છદેશની રાજધાનીમાં મૂર્ત્તિરૂપે કાયમ સ્થાપન કરેલી છે. તે પછી ચાતુર્માસ્યની સમાપ્તિ કરી વિહાર કરતા એ મહામુનિએ એ દેશની પ્રજામાં બીજી ઘણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતની ધાર્મિક કાર્યની અભિવૃદ્ધિ કરેલી છે. જે સાંભળી અમોને અત્યંત હર્ષ ઉત્પન્ન થાય છે. માંડવીથી વિહાર કરતાં સમુદ્રના તીર ઉપર આવેલા શ્રી અજિતનાથજીના ભવ્ય મંદિરમાં તેઓએ અઠ્ઠાઇઉત્સવનો સમારંભ કર્યો હતો. જે મહોત્સવથી કચ્છીપ્રજાએ ઘણો લાભ સંપાદન કર્યો હતો. કચ્છની શ્રાવક પ્રજાએ વિવિધ જાતના અભિગ્રહ ધારણ કર્યાં છે. પડશુદી વાપરવાને માટે તો ઘણાઓએ પ્રત્યાખ્યાન કરેલા છે. કચ્છ દેશમાં ચાલતો એ હિંસકપ્રચારને એ મહામુનિના ઉપદેશે અટકાવ્યો છે. તે શિવાય બીજા કેટલાએક હિંસક રીવાજો બંધ કરવામાં આવ્યા છે. કચ્છની રાજધાનીમાં સ્થાપિત થયેલા મિત્રમંડલે એ મહાનુભાવના ઉપદેશથી વરઘોડાની અંદર પ્રકાશને માટે કરવામાં આવતી મશાલોને બંધ કરી ફાનસના દીવાઓ કરવાનો ઠરાવ કરેલો છે. અને તેથી ત્રસ જીવોનું સદાનેમાટે રક્ષણ કર્યું છે. એ અષ્ટાન્હિક ઉત્સવમાં શ્રી અર્હત પ્રતિમાની પૂજાનો તથા વરઘોડાનો દેખાવ ઘણો ભભકાદાર બન્યો હતો. જે પ્રસંગે દેવદ્રવ્યની ઉપજ સારીરીતે ઉત્પન્ન થઇ હતી.

કચ્છી પ્રજાની ગુરૂ ભક્તિ જોઇ એ કૃપાળુ મુનિ વધારે પ્રસન્ન થયા હતા. કચ્છી પ્રજાએ પણ ગુરૂ ભક્તિ ઘણાં પ્રેમથી દર્શાવી હતી. માંડવીથી તે નાગલપુર સુધી ત્યાંનો શ્રાવક સમાજ ગુરૂશ્રીને વળાવા આવ્યો હતો. કચ્છભૂમિમાં હજુ પણ એ મહામુનિના દર્શનનો લાભ લેવા દૂર ગામના લોકો શ્રેણીબંધ આવે છે. મુનિવિહારથી કેવો લાભ થાય છે? એ પ્રત્યક્ષ પૂરાવો અત્યારે કચ્છ દેશમાં બનેલો છે. શ્રી વિજયાનંદસૂરિનો પરિવાર વિહારશીલ છે અને પ્રથમથીજ તે સર્વ જૈન સમાજનો ધાર્મિક ઉપકાર કરવામાં પરાયણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

**શ્રી ધર્મસંગ્રહ–ભાગ ૧ લો**–એ નામનું મૂલસાથે ભાષાંતરનું પુસ્તક શ્રી પાલિતાણાના **શ્રી જૈન ધર્મવિદ્યા પ્રસારક વર્ગ** તરફથી અભિપ્રાય માટે ભેટ આપતાં અમો તે ઉપકાર અને પ્રેમ સહિત સ્વીકારી છીએ. જૈનોની ગ્રંથ સમૃદ્ધિ માંહેલો આ એક સર્વોત્તમ વિધિવાદ પ્રધાન ઉપયોગી ગ્રંથ છે. જૈન પંડિતોમાં શ્રેષ્ટ ગણાતાં **શ્રી માનવિજય** ગણી આ ગ્રંથના કર્ત્તા છે. મૂલ ગ્રંથનો વિસ્તાર સુમારે ચૌદ હજાર ઉપરાંત શ્લોકનો છે, તેમાંથી આ પ્રથમ ભાગ બાહેર પાડવામાં આવ્યો છે. આ ગ્રંથના ચાર અધિકાર છે, તેમાં ગૃહસ્થનો સામાન્ય ધર્મ વિશેષધર્મ, સાપેક્ષ યતિધર્મ અને નિરપેક્ષ યતિધર્મ એમ ચાર ભાગે–ચારે અધિકારમાં વર્ણન કરેલું છે, તેમાંથી પ્રથમ આ ભાગમાં ગૃહસ્થનો સામાન્ય ધર્મનો અધિકાર પૂર્ણ કરી બીજા અધિકારમાં પાંચ અણુવ્રત સુધીનું બ્યાન આપેલું છે. પ્રથમ અધિકારમાં આવેલા વિષયો પ્રત્યેક શ્રાવકને મનન કરવા યોગ્યછે. એકંદર જુદા જુદા છવીશ વિષયો આપેલાછે, કે જે ગૃહસ્થ શ્રાવકને ઘણા ઉપયોગી છે. ગૃહસ્થના સામાન્ય ધર્મના દશ ભેદ જુદા પાડી તે વિષે ઘણી ઉત્તમ પ્રકારની સમજૂતિ આપવામાં આવી છે. જૈન ગૃહસ્થે કેવી રીતે વર્ત્તવું ? તેણે કેવું ઘર બાંધવું ? કેવા ઘરમાં રહેવું ? વિવાહ સંબંધ કેવી રીતે કરવો ? દેશાચારને કેમ પાલવા ? ન્યાયોપાર્જિત દ્રવ્યનો કેવો પ્રકાર છે ? અને પોતાના આશ્રિત પોષ્યવર્ગનું કેવી રીતે પાલન કરવું ? તે વિષેના ઘણાં ઉત્તમ વિચારો દર્શાવ્યા છે. તે શિવાય, સદ્વર્ત્તન, અતિથિ સેવા, લોકવ્યવહારમાં પ્રવર્ત્તન, નિષેધ કરવા યોગ્ય દેશ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલનો ત્યાગ, ગુણ વૃદ્ધિ, અને ધર્મ ગ્રહણની યોગ્યતા ઈત્યાદિ વિષયો ગ્રંથકારે અતિ ઉત્તમ રીતે વર્ણવ્યા છે. ગૃહસ્થના વિશેષ ધર્મમાં સમ્યકત્વનું સ્વરૂપ, તેનો ભેદ, મિથ્યાત્વનું સ્વરૂપ, મિથ્યાત્વના પ્રકાર, ગુરૂના લક્ષણ, શ્રાવકના લક્ષણ, સમ્યગ્ દર્શનનું સ્વરૂપ. અને પાંચ અણુવ્રતના સ્વરૂપો અને તેના સ્થાપના યંત્રો આપી તે વિષે ઘણું સારૂં વિવેચન કરેલું છે.

આવા ઉપયોગી વિષયોથી ભરપૂર એવો આ ગ્રંથ જૈનવર્ગને ઘણો ઉપયોગી છે. આવા ગ્રંથો મૂલ સાથે ભાષાંતરરૂપે પ્રગટ થવાથી જૈનવર્ગને ઘણો લાભ થવા સંભવ છે. કોઈપણ ધાર્મિક ગ્રંથનું ભાષાંતર કરવાનું મન જ્યારે તે ગ્રંથ ઉત્કૃષ્ટ અને ઉપયોગી લાગે ત્યારેજ થાય છે અને એમ થાય ત્યારે લેખક અને પ્રસિદ્ધ કર્ત્તાનો શ્રમ સફળ થાય છે. ભાષાંતરની ભાષા શુદ્ધ અને સરલ છે. તે સાથે સંસ્કૃત અને ભાષાંતરનો સંબંધ જુદો જુદો પાડી મુદ્રિત કરવામાં આવ્યો છે, તેવી યોજનાથી વાચકવર્ગને ઘણી સુગમતા પડે તેમ છે. ભાષાંતર કેવલ અક્ષરશઃ ન કરી મૂલના ભાવાર્થને હાનિ થવા દીધી નથી, તે ક્રમ વિશેષ પ્રશંસનીય રાખ્યો છે.

સાંપ્રતકાલે જૈન પ્રજા ધાર્મિક અજ્ઞતામાં સપડાઈ છે, તેવા સમયમાં આવા ગ્રંથો જૈન યુવકોનાં અંગમાં નવું ધાર્મિક જીવન રેડે તેનાં કરતાં વિશેષ પ્રશંસનીય શું હોઇ શકે? ખરેખર! આવા ગ્રંથો પ્રસિદ્ધ કરવા એ ઉત્તમ પ્રકારનું સાધર્મિવાત્સલ્ય છે; નેતેને માટે અમો આવો મહાન્ પ્રયાસ કરનાર પાળીતાણાના **શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગને** ધન્યવાદ આપીએ છીએ. તે સાથે આવા સર્વોત્તમ કાર્યમાં સહાય કરનાર **શેઠ વસનજી ત્રિકમ-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીની કુંપનીને અભિનંદન આપતાં તેવાં ધાર્મિક ગૃહસ્થોનું દીર્ઘાયુષ્ય ચાહીએ છીએ.

પુસ્તકની આકૃતિ ઊત્તમ પ્રકારની કરવામાં આવી છે, શુદ્ધ છપાઇ અને પાકા પુંઠા કરવા ઉપર પુરતું ધ્યાન આપવામાં આવ્યું છે અને તેને સહાયક ગૃહસ્થનું સુંદર ચિત્ર આપી વિશેષ અલંકૃત કર્યું છે. તે છતાં કીંમત ઘણી જુજ રાખવામાં આવી છે.

## શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગનો ત્રિમાસિક રીપોર્ટ.

અમોને અભિપ્રાય માટે તે વર્ગ તરફથી મોકલવામાં આવેલ છે. તેને પ્રેમ સહિત સ્વીકારીએ છીએ. રીપોર્ટ વાંચતા માલુમ પડે છે કે, તે વર્ગે માત્ર ત્રણ વર્ષમાં ઘણું સારૂં કાર્ય કરેલું છે. તે વર્ગની સ્થાપના કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના જૈન ગૃહસ્થોને હાથે થયેલી છે. તે જ્ઞાતિના નવ અગ્રેસરોએ મળી એ ખાતાને સારી પુષ્ટિ આપેલી દેખાય છે. તે વર્ગના નિયમો ઘણા સારા છે. સર્વથી વિશેષ ખુશી થવા જેવું એ છે કે. વર્ગના સ્થાપકોએ જૈન બોર્ડીંગ શાળાની સ્થાપના કરી તેની યોજના ઉત્તમ પ્રકારે ચલાવવાનું ધોરણ કરેલું છે. જૈન બાળકોને જ્ઞાન આપવાનું આ મહાન્ કાર્ય ખરેખરૂં સ્તુતિપાત્ર છે. તેમાં રા. સા. શેઠ **વસનજી** ત્રિકમજી જે. પી. તથા શેઠ **ખેતશી ખીઅશી.** એ બે ગૃહસ્થોએ મોટી રકમ અર્પણ કરી છે. જેને માટે તેઓ પૂર્ણ ધન્યવાદના પાત્ર છે. તે બોર્ડીંગની વ્યવસ્થાને દર્શાવનારો તે ખાતાનો જુદો રીપોર્ટ છપાવાનો છે. તે પ્રસંગે અમો તે વિષેનો અભિપ્રાય વિસ્તારથી જણાવીશું. આ વર્ગે હાથ ધરેલા કાર્યોમાં જૈન ગ્રંથોની પ્રસિદ્ધિનું કામ ઘણું અગત્યનું છે. આજ સુધીમાં તેઓએ નાના મોટા ચૌદ ગ્રંથો બાહેર પાડયા છે, જે જૈનવર્ગને ઉપયોગી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ જૈન પ્રજા વિશેષ લાભ લે તેવા હેતુથી ગ્રંથોની કીંમત ઘણી જૂજ રાખે છે. તે સાથે એ વર્ગ તરફથી **આનંદ** અને **મધુકર** નામે બે માસિક પ્રગટ થાય છે, જેમાં સારા સારા ધાર્મિક અને સાંસારિક વિષયો ચર્ચાયછે. તે માસિકના ગ્રાહકોના ત્રણ ભાગ પાડવામાં આવેલા છે. તે વ્યવસ્થા ઘણી ઉત્તમ પ્રકારની છે. વર્ગને અંગે સદુપયોગ, જીવદયા અને ઉદ્યોગવર્ધક એવા ત્રણ ખાતાચાલે છે, જેના હેતુઓ ઘણા સ્તુત્ય છે. આ વર્ગને અતિ ઉત્સાહપૂર્વક કાર્ય કરી ઉદય અને વૃદ્ધિમાં લાવનાર તેના ઓનરરી સેક્રેટરી **શા. શિવજી દેવશી**ને સંપૂર્ણ ધન્યવાદ ઘટે છે, અમે અંતઃકરણથી એ વર્ગનો સદા અભ્યુદય ઈચ્છિએ છીએ. જ્યારે ભારત વર્ષના વિશાળ ક્ષેત્રમાં આવા ખાતાઓ સ્થાપિત થશે ત્યારેજ જૈનવર્ગનો ધાર્મિક ઉદય થશે. તે સાથે આશા રાખીએ છીએ કે, આવા ઉપયોગી ખાતાને જૈન ગૃહસ્થો તરફથી સારી સહાય મલશે.

## વૃત્તાન્ત સંગ્રહ.

### બાબુ પનાલાલ પુરણચંદ જૈન સ્કુલ અને દવાખાનું ખુલ્લું મૂકવાની ક્રિયા વખતે મુંબઈના ગવર્નર લોર્ડ લેમીંગટને ઉચ્ચારેલા અગત્યના બોલો.

" મકાન ઉપરાંત, જે હેતુને માટે મકાન નિર્માણ થયેલું છે તે પાર પાડવા માટે પુરતી નાણાની રકમ અલાહેદી કાઢી રાખવામાં આવેલી જોવાને હું ઘણો ખુશી છું." બાબુ પનાલાલ મકાન માટે રૂ. ૨૦૦૦૦૦ ) ખર્ચ્યા તે ઉપરાંત સ્કુલ અને દવાખાનાના કાયમી ખર્ચને માટે રૂ. ૨૫૦૦૦૦ ) જુદા કાઢયા છે.

" જે જૈન કોમનો આવો ઉજજવલ અને પ્રકાશિત ઇતિહાસ છે અને જે કોમ યથાર્થ દાન અને પોતાના જાત ભાઇઓ ઉપરાંત મુંગા પ્રાણીઓ તરફ પણ દયા ધરાવવા માટે જગપ્રસિદ્ધ છે, તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોમે અત્યાર સુધી પોતાના બાલકોના હિતને માટે કંઈપણ ગોઠવણ કરી નહોતી એ એક નોંધ લેવા જેવી બાબત છે. મેં આ પહેલીવાર જાણ્યું કે ભારતવર્ષના લોકોમાં જૈનો પહેલાં જે ઊંચી પદવી ધરાવતા હતા તે પદવી ઉપરથી તેઓ ઉતરી ગયા છે. જૈનોની સ્થિતિ સુધારવાને અને તેઓને તેઓની અસલની પદવીએ લઇ જવાને માટે કાંઈપણ ઉપાય હોય તો તે એજ છે કે તેઓએ પોતાની કોમના બાળકોને કેળવણી આપવાની દરકાર કરવી. ”

“ હું ભરૂસો રાખું છું કે શિક્ષકો મનની સાથે હૃદયની કેળવણી આપશે=ધર્મ શિક્ષણ વગરની કેળવણીની પદ્ધતિ તે બીલકુલ કાર્ય સાધક નથી, દુનિયાના વ્યવહારમાં પ્રવેશ કરનાર યુવાનમાં બુદ્ધિબલની સાથે બીજા શુદ્ધ ચારિત્રાદિ ગુણો પણ અવશ્ય જોઇએ.”

# પુસ્તકોની પોહોંચ

લાહોર (પંજાબ) નિવાસી જસવંતરાય જૈની તરફથી “ **निन्यानवे प्रकारकी पूजा** ” એ નામનું એક લઘુ પુસ્તક અમોને મળ્યું છે. આ લઘુ પુસ્તકના પ્રણેતા આચાર્ય શ્રી **વિજયાનંદ સૂરિ** ( આત્મારામજી ) ના પ્રશિષ્ય શ્રીમાન્ મુનિ શ્રીવલ્લભવિજયજી છે. આ લઘુ પુસ્તકનું બીજું નામ **શ્રી સિદ્ધગિરિ તીર્થાધિરાજની સ્તુતિ** રાખવામાં આવ્યું છે. રચના સારી છે. પ્રત્યેક સ્તવન ઉપર વિવિધ રાગ સાથે સંસ્કૃત કાવ્ય મુકવામાં આવ્યા છે. આ પુસ્તક આસ્તિક શ્રાવકોને ઘણું ઉપયોગી છે.

ઉપરનાજ ગૃહસ્થ તરફથી “ **जैनधर्मका स्वरूप**” એ નામનું બીજું લઘુ પુસ્તક મળ્યું છે. તે પુસ્તક આચાર્ય શ્રીવિજયાનંદસૂરિનું રચેલું છે. ગ્રંથ કર્ત્તાના નામ ઉપરથીજ પુસ્તકના મહત્વની તુલના થઇ શકે તેમછે, એટલે વિશેષ વિવેચન કરવાની જરૂર નથી.

આ બંને પુસ્તક અમે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ, યોગ્ય પ્રસંગે તેનું વિવેચન કરવામાં આવશે.

For Private And Personal Use Only